Celebrating
*Decade of Dedication*

# सुतीर्थ

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

Indian Institute of Teacher Education, Gandhinagar ♦ Year : 1 ♦ Issue : 13 ♦ Month: October, 2020



## પરામર્શન પાથેય + બી.એડ. અભ્યાસક્રમ
## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે
## આઈઆઈટીઈના ઉપક્રમ

**IITE inhouse magazine for private circulation only**
Indian Institute of Teacher Education, Gandhinagar
**Volume : 1 • Issue : 13 • October, 2020**

> **By education I mean an all-round drawing out of the best in child and man-body, mind and spirit.**
>
> **- Mahatma Gandhi**

**Editor**

**Paras K. Jha**
(Public Relation & Publication Officer)

**Dr. Swarnabharati** Assi. Prof.)
**Ms. Hiral Jani** (Curator)
**Ms. Nitya Trivedi** (Technical Asst.)
**Mr. Rushi Joshi** (Assi. Prof.)

**Design :** Ranmal Sindhav



આઈઆઈટીઈના પ્રાંગણમાં શારદીય નવરાત્રિની ભાવપૂર્ણ ઉજવણી

1 કુલપતિશ્રીનો સંદેશ ........ 03
2 ગરબે ઘૂમો છો કે ગરબીમાં ઝૂમો છો? ........ 04
3 Beauty (Facts) of Mathematics-Specially on Numbers ........ 06
4 વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં નપાસ થતાં રોકવા હોય તો... ........ 07
4 Teaming up for Teaching ........ 09
5 આઈઆઈટીઈનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ અભ્યાસક્રમ શિક્ષકોના .. કૌશલ્યોને ઘડશેઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ........ 11
6 પરામર્શન પાથેય ........ 12
7 અંગ્રેજી અધ્યયનની દશા અને દિશા નિશ્ચિત કરવાની જવાબદારી આપણી સહિયારી છે ........ 16
8 ગુજરાતી ભાષા, સાહિત્ય અને સાંસ્કૃતિક વિચારવારસાનું ધામ - ગુજરાતી . સાહિત્ય પરિષદ ........ 18
9 Temporal Pincer: An Aspirant Teacher's War With Time ........ 19
10 Campus Canvas ........ 21

iitegandhinagar

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in



# કુલપતિશ્રીનો સંદેશ

**વહાલા વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો,**

સહુ કુશળ હશો. આપણે વર્ષ 2020ના ઉત્તરાર્ધના અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂક્યા છીએ. આ વર્ષ સમગ્ર વિશ્વ માટે વૈશ્વિક મહામારી જેવા મોટા પડકારોનો સામનો કરવામાં, તેનાથી બચવાના ઉપાયો શોધવામાં, તેને અટકાવી દેવાના કાયમી ઉકેલ મેળવવામાં અને એ તમામની વચ્ચે જીવન અને તેની ગતિશીલતાને જાળવી રાખવાના પ્રયાસોમાં જ વીત્યું છે. આ તમામ પરિસ્થિતિમાં આપણે સહુને આપદાને અવસરમાં બદલવાનો મોકો મળ્યો છે અને આ સમયગાળા દરમિયાન શીખવા મળેલા એ સહુ પાઠ વિશ્વભરના પાઠ્યપુસ્તકોમાં તો પછી આવશે, પરંતુ આપણે એ પાઠને આ સમયમાં પ્રત્યક્ષ જીવીને શીખ્યા છીએ એટલે એ સમજણ આપણી સાથે આપણી ભાવિ પેઢીઓ સાથે હંમેશાં રહેશે.

ઓક્ટોબર મહિનો ગુજરાત માટે ગુજરાતી તરીકે આપણા સહુ માટે વિશિષ્ટ મહિનો છે. તેની શરૂઆત માનવજાતને પોતાના જીવનથી જ નિરંતર વિકાસનો અનોખો સંદેશો અને જીવન જીવવાની એક અનોખી તરાહ બતાવનારા મહાત્મા ગાંધીની જયંતીથી થાય છે, અને તેનો અંત મહાત્મા ગાંધીના ખરા અર્થમાં સમર્પિત સેવક અને વિચક્ષણ રાજપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જયંતીથી થાય છે. આ બન્ને ગુજરાતી મહાપુરુષોના જીવન ગુજરાત જ નહીં, સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી છે. આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશન ઉપરાંત તમામ સંલગ્ન સંસ્થાઓમાં પ્રવેશ મેળવનારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધીની સંક્ષિપ્ત આત્મકથા પહોંચાડવામાં આવી છે. આશા છે કે બાપૂનું જીવન સહુ વિદ્યાર્થીઓને સતત પ્રેરણા અને માર્ગદર્શન આપતું રહેશે.

આ બન્ને ગુજરાતી મહાપુરુષોની જયંતી વચ્ચે આ વર્ષે અધિકમાસ હોવાને કારણે આપણે શક્તિ વંદના, આધ્યાત્મિકતા અને સામાજિક ઉલ્લાસનું પર્વ નવરાત્રિની પણ ઉજવણી કરી. અલબત્ત, ઘરમાં રહીને. ઊર્જાથી થનગનતા વિદ્યાર્થીઓ ગરબે ઘૂમવાનો આનંદ નહીં માણી શક્યા હોય એ સમજી શકાય છે.

તહેવારો જીવનને રોજિંદી ઘટમાળમાંથી થોડો સમય મુક્ત થઈને નવી તાજગી મેળવવાનો અવસર આપે છે. જે આપણે સહુને નવી ઊર્જા સાથે ફરીથી આપણા કાર્યોમાં મસ્ત થઈ જવામાં મદદરૂપ બને છે. હું અહીં, કામમાં 'વ્યસ્ત' નહીં, 'મસ્ત' થવાની વાત કરું છું. કારણ કે, કામની વ્યસ્તતા થાક અને કંટાળો જન્માવી શકે છે, પણ આપણે જો કામમાં મસ્ત રહીએ તો તે આપણને આનંદ અને સંતોષ આપે છે, જે આપણા જીવનનું ચાલકબળ બની રહે છે.

આઈઆઈટીઈ માટે ગૌરવની બાબત છે કે, યુનિવર્સિટી દ્વારા નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર ટીચર એજ્યુકેશન -2009ને આધારે તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં દર્શાવવામાં આવેલા શિક્ષક પ્રશિક્ષણ માટેના સૂચનોનો સમન્વય કરીને બી.એડ. માટેનો નવો અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે. જેનું માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં વિમોચન કર્યું. આપણે આ ચાલુ શૈક્ષણિક વર્ષથી જ આ અભ્યાસક્રમને આઈઆઈટીઈ સંલગ્ન તમામ સંસ્થાઓમાં લાગુ કર્યો છે.

આ મહિનામાં આપણે પ્રથમ નોરતાથી શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટેના સૂચનો અને સંવાદ માટે આઈઆઈટીઈ સાથે સંલગ્ન સંસ્થાઓ સાથેના પ્રત્યક્ષ પરિચય અને પરામર્શન પાથેયનો કાર્યક્રમ હાથ ધર્યો છે. 31 ઓક્ટોબર સુધીમાં 30 સંસ્થાઓની મુલાકાત દરમિયાન તેમની વિશિષ્ટતાઓ, માળખાકીય સુવિધાઓ ઉપરાંત ત્યાં કાર્યરત્ અધ્યાપકોની વ્યક્તિગત ખાસિયતોનો પ્રત્યક્ષ પરિચય થયો, જેમની સેવાઓ શિક્ષક પ્રશિક્ષણની પ્રક્રિયામાં યથાયોગ્ય પ્રકારે લઈ શકાશે.

આઈઆઈટીઈ ભારતીય શિક્ષણ પરંપરાને ધ્વનિતરંગોના માધ્યમથી સમગ્ર વિશ્વ સુધી પહોંચાડવા માટે ઇન્ટરનેટ રેડિયો સ્ટેશન - Teachers' Tune ની સ્થાપના કરી રહી છે. દિવાળી બાદ જ્ઞાન પંચમીના દિવસથી આપણે આ રેડિયો સ્ટેશનને કાર્યાન્વિત કરીશું. વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો આપણે સહુએ આ પ્લેટફોર્મ માત્ર મનોરંજન સાથે રસપ્રદ માહિતી મેળવવાનું જ માધ્યમ ન બની રહે તેનું ધ્યાન રાખવાનું છે. તે સર્જનાત્મક ક્ષમતાઓ અને કૌશલ્યોને કેળવવાનું અને અન્યોને આપણી જ્ઞાન યાત્રામાં જોવાનું માધ્યમ બને તેવી અપેક્ષા છે.

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. આ પર્વ વિશ્વમાં મહામારીને કારણે ફેલાયેલી નિરાશાના અંધકારને આ ઉત્સાહ અને આનંદના પ્રકાશથી દૂર કરે તેવી શુભકામનાઓ...

ડૉ. હર્ષદ પટેલના જયહિંદ



# ગરબે ઘૂમો છો કે ગરબીમાં ઝૂમો છો?

**- અર્ચના પટેલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટર ઑફ એજ્યુકેશન, IITE , ગાંધીનગર

વર્ષ 2020ના ઓક્ટોબરમાં જો ગુજરાતમાં સૌથી વધુ કોઈ બાબતની ખોટ સાલી હોય તો એ છે, નવરાત્રિના ઉત્સવમાં રોજ રાત્રે સજી-ધજીને ગરબે ઘૂમવાની. હવે આ નવરાત્રિમાં આપણે સહુને ગરબે ન ઘૂમી શકવાનો વસવસો તો રહેવાનો, પણ એને કારણે નવરાત્રિનો અને ગરબાનો ઉમંગ થોડો ભૂલાય. તો ચાલો આપણે વાત કરીએ ગરબાની અને એવી વાત જેની ઘણાંને જાણ હશે અને ઘણા હશે બિલકુલ બેખબર.

તમારા મિત્રોને પૂછજો કે ગરબા અને ગરબી વચ્ચે શું તફાવત? ના, એ તફાવત માત્ર કાના અને દીર્ઘ ઈનો નથી. એમને પૂછજો કે રાસ અને રાસડા વચ્ચે શું ફરક? ગુજરાતી સંસ્કૃતિ અને સાહિત્યમાં ગરબા તરીકે જાણીતા પદ્યની ઘણી વિવિધતાઓ છે.

નવરાત્રિ ભલે વર્ષમાં ચાર વખત ઉજવવામાં આવતી હોય, પરંતુ ગુજરાતમાં આસો મહિનાની શારદીય નવરાત્રિએ માત્ર આસ્થા, ઊર્જા, પ્રાર્થના અને ભક્તિનું જ નહીં, સામુહિક ચેતના, સામાજિક ઉત્સવ અને આનંદનું પર્વ બની રહે છે. આસોની નવરાત્રિ સાથે અભિન્ન રીતે જોડાયેલો છે - ગરબો.


ગરબો શબ્દ ગર્ભદીપ પરથી વિકસ્યો છે. માટીના કોરા ઘડાને છિદ્રો પાડવામાં આવે, તેના પર ભાત કરવામાં આવે અને પછી દીપક પ્રગટાવીને તેમાં મૂકવામાં આવે ત્યારે આ ઘડો બની જાય છે ગરબો.

આ ગરબામાં આ શક્તિ અને જ્ઞાનના દૈવી સ્રોતસમાં નવદુર્ગા સ્વરૂપોને, શણગાર, વસ્ત્રો, અલંકાર, પરાક્રમોને, અસુરો પરના વિજય અંગેના, ચમત્કારિક કાર્યો વગેરેનું શ્રદ્ધાપૂર્વકનું વર્ણન હોય છે. એટલે ગરબો લાંબી કાવ્ય રચના બને છે. સોળમા શતકમાં થઈ ગયેલા નાકરે આ 'ગરબો' શબ્દપ્રયોગ સાહિત્યમાં કર્યો છે, પણ કવિ ભાણ દાસે લખ્યું છે - 'જોનિ જોગમાયા ગરબુ રમિ.' આમાં ગરબાનો ઉલ્લેખ સ્પષ્ટપણે જોવા મળે છે. ત્યાર પછી વલ્લભ ભટ્ટનું નામ ગરબા સાથે અવિસ્મરણીય રીતે જોડાઈ ગયું.

ગરબામાં ધાર્મિકતા ઉપરાંત સામાજિકતાનું નિરૂપણ પણ જોવા મળે છે. દા.ત. કજોડાનો ગરબો, કળિકાળનો ગરબો વગેરે. આવનારા સમયમાં કોઈ કોરોના મહામારીનો ગરબો લખે તો નવાઈ નહીં હોય, કારણ કે આ પણ વર્તમાન સમયકાળની પરિસ્થિતિ છે, જે ગરબા સ્વરૂપે ક્યારેક ગુજરાતી સાહિત્યમાં પ્રતિબિંબિત થઈ શકે.

ગરબાની સાથે જ યાદ આવતી અને ગરબો જ મનાતી બીજી સંજ્ઞા છે - ગરબી. ગરબી એ પણ પદકાવ્યનો જ પ્રકાર છે. સમાન લાગતા ગરબા અને ગરબી વચ્ચે પાતળી ભેદરેખા છે. ગરબામાં વર્ણન છે અને ગરબીમાં ઊર્મિની સઘનતા છે. ગરબી આઠ - દસ કે બાર પંક્તિઓમાં નિરૂપતિ હોય છે. ગરબીનો કેન્દ્રીયવિચાર કૃષ્ણ ભક્તિનો હોય છે. કવિ ભાણદાસે એક પંક્તિમાં કહ્યું છે, કે 'ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે.' અહીં ગરબી શબ્દપ્રયોગ જોવા મળે છે. પણ એમાં પણ કોઈ વિશાળ વિરાટ ગરબાનું દશ્ય છે અને એટલે જ ઘણી વખત માંડવીને પણ ગરબી કહેવાય છે.





ગરબાની સાથે જ આવતા રાસ - રાસડાને કેમ ભુલાય? રાસ પ્રકાર તો ગરબાથી પણ પહેલાં ઇતિહાસમાં નોંધાયો છે. ઈ. સ. પૂર્વે ત્રીજી, ચોથી સદીમાં મહાકવિ ભાસે બાલચરિત નાટકમાં રાસ શબ્દનો પ્રયોગ કર્યો છે. તેમાં કૃષ્ણ અને ગોપીઓની જે હલ્લીસક ક્રીડા ( જેમાં એક પુરુષ અને અનેક સ્ત્રીઓ હોય) રચાઈ તે માટે રાસ શબ્દ પ્રયોજ્યો છે. હેમચંદ્રાચાર્યે રાસ વિશે આ મુજબ નોંધ્યું છે -

'અનેક - નર્તકી - યોજ્યં ચિત્રતાલ - લયાન્વિતમ ।

આ - ચતુ : ષષ્ટિ - યુગલાત રસક - મસૃણો ભાવેત ॥

તો ઈ. સ. 1832માં રચાયેલા રેવંતગિરિ રાસુમાં ' રંગિહિ એ રમઈ જો રાસુ' એમ નોંધાયું છે. અહીં પણ રાસ રમવાનો સંદર્ભ છે. 1271માં રચાયેલ 'સપ્તક્ષેત્રિ રાસ' માં તાલારાસ અને લકુટારાસ (તાળી વડે રમવામાં આવતા અને દાંડિયા વડે રમવામાં આવતા) એમ રાસ રમવાનો ઉલ્લેખ છે. આ રાસ લાંબુ, સુગેય દીર્ઘકાવ્ય છે. આ તો થઈ સાહિત્યમાં રાસની વાત. પણ રાસ તો છેક કૃષ્ણના સમયથી પ્રજાજીવનમાં લોકપ્રિય છે.

રાસડા કે રાસડો એ રાસ જેવો જ મનાતો પ્રકાર છે, છતાં પણ આ બન્ને વચ્ચે પણ ભેદરેખા જોઈ શકાય છે. રાસડા એ લોકગીત પ્રકારનું કથાત્મક કાવ્ય કહી શકાય. આ લોકસાહિત્યનો જ એક પ્રકાર છે. જેમાં પરાક્રમી પુરુષોની વીરગાથા નિરૂપાઈ હોય છે.

આમ સરખા પણ આગવી વિશેષતાઓ ધરાવતા ગરબો, ગરબી, રાસ, રાસડા એ ગુજરાતીઓને હૈયે વસેલા છે અને દુનિયાભરમાં ગુજરાતની આગવી ઓળખ ઊભી કરનારા છે. જો તમને આ વાંચીને ગરબા-ગરબી, રાસ-રાસડા વચ્ચેના તફાવત સમજાયા હોય તો તમે એની મજા પણ નવી સમજ સાથે વધારે લઈ શકશો. કોરોના મહામારી છે, એટલે ગરબા ભલે શેરી કે મહોલ્લામાં ન થઈ શકે, પણ તમે ગરબા તો કરી જ શકશો - મનમાં ને મનમાં....

(સંદર્ભ : મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - રમેશ ત્રિવેદી)



# Beauty (Facts) of Mathematics-Specially on Numbers

**- Dr. Kunjan N. Shah**
Assistant Professor
Center of Education
Indian Institute of Teacher Education (IITE)

The famous mathematician Leopold Kronecker has said that "God created the natural numbers; all the rest is the work of man." We can observe that, all the things around us associated with numbers. So, here I am trying to explain some beauty (facts) of mathematics on numbers. There are some special types of numbers, but, we are not aware about its beauty or its special characteristics. So, Let us see some special kind of numbers:

## Armstrong Number:



An Armstrong number (also called narcissistic numbers or pluperfect digital invariants (PPDI)) is a number which is equal to its sum of n^th power of the digits, where n is the number of digits of the number.

For Example:

153 is an Armstrong number as it is represented as153=1^3+5^3+3^3.

370 is an Armstrong number as it is represented as 370=3^3+7^3+0^3.

**Facts:**

- **There are no 2-digit Armstrong numbers.**
- **There are four 3-digit Armstrong numbers.**
- **There are only two 4-digit Armstrong numbers.**
- **The largest Armstrong numbers (39-digits) are 115132219018763992565095597973971522400, 115132219018763992565095597973971522401**

## Vampire Number:




A Vampire Number is a composite natural number with an even number of digits that can be factored into two natural numbers each with half as many digits as the original number and not both with trailing zeroes.

For Example:

The first (smallest) Vampire number is 1260 as it is represented as

1260=21×60. (Here 21 and 60 are known as fangs)

**Facts:**

- **There are only seven 4-digits Vampire numbers.**
- **There are 148 6-digits Vampire numbers.**
- **There are 208423682 14-digit Vampire numbers.**
- **The largest Vampire number 10060-digits (Gigantic Vampire number) was founded in 2002.**




# વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયમાં નપાસ થતાં રોકવા હોય તો...

**- ડૉ. રમેશ પટેલ**
એસોસિએટ પ્રોફેસર, એ. જી. ટીચર્સ કોલેજ-અમદાવાદ

બી.એડ. કૉલેજો એ સમાજનું અગત્યનું અંગ છે. એનાથી ઉપર કોઈજ ન હોઈ શકે. બી.એડ. કૉલેજો સમાજ માટે શિક્ષક અને શિક્ષકોમાં નિષ્ઠા, કર્મ, ધર્મ, નિયમિતતા વગેરે સંસ્કારોનું સિંચન કરનારું ધામ છે. આ ધામમાં કામ કરતાં અધ્યાપકો એ તો સમાજનું નજરાણું છે. શિક્ષકો તૈયાર કરવામાં જરાપણ ગફલત થઈ તો સમાજને બહુ મોટું નુકશાન છે. બી.એડ. કૉલેજો જો ઉત્તમ શિક્ષકો સમાજને આપશે તો સમાજને ઉત્તમ શિક્ષણ અને સંસ્કાર મળશે.

તારણ એવું કહે છે કે મોટા ભાગની શાળાઓમાં વ્યાકરણ અને લેખનને કોરાણે મૂકી દેવામાં આવે છે. એના કારણે ભવિષ્યની પેઢી જે રીતે ભાષા માટે તૈયાર થવી જોઈએ, તે રીતે થતી નથી. સમાજમાં ટકી શકે તેવો નાગરિક તૈયાર થતો નથી, અંતે શિક્ષણ પાછળ ખર્ચેલા નાણાં વ્યર્થ જાય છે, છતાં આપણા પેટનું પાણી પણ હલે નહીં.

બી. એડ. કોલેજોનું કામ તાલીમ આપવાનું છે, સમગ્ર રીતે તાલીમી સંસ્થાઓમાં તાલીમ અપાય છે, તે તો આપવું જ જોઈએ. માઈક્રો ટીચિંગના પાઠ, સ્કૂલ પાઠ, સેમિનાર વગેરે, પણ થોડા અલગથી જે-તે મેથડમાં નવા-નવા પ્રયોગો કરવાનો મોકો મળે તો તે ચૂકવો ન જોઈએ. જે શિક્ષણના અને કેળવણીના ભેખધારી લોકો છે તે તો આવા પ્રયોગો કરે છે જ.


બી.એડ.માં આવતાં તાલીમાર્થીઓ ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરી ચૂક્યા હોય છે. પણ, કોઈ કારણોસર પોતાના વિષયવસ્તુમાં ક્યાંક નબળા જોવા મળે છે. આમ પણ છેલ્લા કેટલાંક વર્ષોના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામો જોઈશું, તો ગુજરાતી વિષયમાં વિદ્યાર્થીઓનું નાપાસ થવાનું પ્રમાણ વધારે જોવા મળે છે. તેના કારણોમાં શાળામાં શિક્ષકોનો અભાવ અને જ્યાં શિક્ષકો છે તો દાનતનો અભાવ જોવા મળે છે. પણ હવે તે નહીં ચાલે. 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'માં શિક્ષણ અને તાલીમી સંસ્થાઓ ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. જો તાલીમી સંસ્થાઓ ઉત્તમ તો શિક્ષકો પણ ઉત્તમ મળશે.

મેં મારી બી.એડ.કોલેજમાં ગુજરાતીમાં જે પ્રયોગો કર્યા છે તે આપની સમક્ષ મુકું છું. અમે ત્યાં વ્યાકરણ અને અભિવ્યક્તિ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરેલું છે.

મેં ગુજરાતી વિષયના તાલીમાર્થીઓને વ્યાકરણમાં છંદ, અલંકાર, સમાસ, સંયોજક, જોડણી, સ્વર-વ્યંજન, વિરામચિહ્નો, કહેવતો, રૂઢિપ્રયોગ, સર્વનામ વગેરેમાં ગીત, નાટક, સંવાદ અને હાઉસી રમત કઈ રીતે કરવી તેની વાત કરી તો તેમના મોઢાં બગડવા લાગ્યાં. કેટલાંક એવાં તાલીમાર્થીઓ પણ હતાં કે જે ક્યારેય વ્યાકરણ શીખ્યા જ ન હતાં, છંદ, અલંકાર જેવું વ્યાકરણ પહેલીવાર સાંભળતા હતાં. જોકે આ તેમનો વાંક ન કહેવાય, આપણી શિક્ષણ વ્યવસ્થામાં ક્યાંક ખામી જોવા મળે છે. આ તાલીમાર્થીઓ ભવિષ્યમાં શાળામાં જ શિક્ષક તરીકે ગોઠવાશે તો શું દશા થશે? એવા

વિચારે જે ટાઈમ મળે તેમાં પ્રયોગ ચાલું રાખવા તેવું નક્કી કર્યું, જેથી શાળા-કોલેજોમાંથી નબળા વિદ્યાર્થીઓની જે શૃંખલા ચાલી આવે છે તે તૂટે. એટલે વ્યાકરણ અને લેખન સરળતાથી કઈ રીતે શીખી શકાય તે શોધ્યું.

નાટક, ગીત, સંવાદ અને હાઉસી રમત કઈ રીતે કરવી તેની સમજ આપી તૈયાર કરવાનું કહ્યું. શરૂઆતમાં તાલીમાર્થીઓને કાંઈ સૂઝતું ન હતું, ધીરે ધીરે રોજ કોલેજમાં એક-એક કલાક ગ્રૂપમાં બેસાડી માર્ગદર્શન આપ્યું, તાલીમાર્થીઓ લખે અને ફાડી નાંખે, આવું દસથી બાર વખત બન્યું. પછી ધીરે ધીરે કામમાં સુધારો આવવા લાગ્યો, અંતે તાલીમાર્થીઓ પાસેથી જે આઉટપુટ આવ્યું તે અકલ્પનિય હતું. તાલીમાર્થીઓનો આનંદ સમાતો ન હતો, કારણ કે જે તેમણે લખ્યું હતું, તે મન અને મગજના સંયોજનથી લખ્યું હતું. અમે કરેલા પ્રયોગોમાંથી એક પ્રયોગ અહી મુકું છું.



ચાલો જોડણી શીખીએ
જોડણી એટલે બે અક્ષરનું, યોગ્ય ક્રમમાં જોડાણ.....(2)
રાખજો તમે એનું ધ્યાન....(2)
જોડણી ભાષા શુદ્ધિનું ખૂબ મહત્ત્વનું અંગ છે.
જોડણીમાં બે નિયમોનો રાખજો તમે ખ્યાલ.....
હ્રસ્વ ક્યારે આવે ને દીર્ઘ ક્યારે આવે..
સ્ત્રીલિંગ શબ્દોની અંત્યે દીર્ઘ 'ઈ' આવે છે.
નદી, જાડી, સાડી, ગાડી,
નારી, પાડી, ગોરી, શૈલી......
નામને અંત્યે જો જોઉં, 'ઉ' હસ્વ હોય છે...(2)
મધુ, પ્રભુ, શંભુ, કનુ,
વિભુ, ભાનુ, મનુ......
પુલ્લિંગ શબ્દોની, અંત્યે 'ઇ' હસ્વ હોય છે.....(2)
રવિ, મુનિ, યતિ, દધિ,
કવિ, જાતિ, પતિ, શનિ,....
ભાવવાચક નામોની અંત્યે 'ઇ' હસ્વ હોય છે.....(2)
કીર્તિ, મૂર્તિ, પ્રીતિ,
રીતિ, ગીતિ, પૂર્તિ .....
'ઈન' પ્રત્યમાં જો હું જોઉતો તો 'ઈ'દીર્ઘ હોય છે .....(2)
પ્રાચીન, અર્વાચીન, શાલીન, કૂલીન......હોય છે.
ચાર અક્ષર શબ્દોમાં ત્રીજો 'ઊ'દીર્ઘ થાય છે .....(2)
મજબૂત, કરતૂત,
મહેસૂલ, મશગૂલ.....(2)
ચાલો જોઈએ ચાર અક્ષર શબ્દોમાં શું હોય છે.
ત્રીજો 'ઇ' હસ્વ હોય છે, ચોથો 'ઈ'દીર્ઘ થાય છે.
વિદ્યાર્થિની, વિહંગિની,
શૈવાલિની, મંદાકિની .....(2)
જોડણી એટલે બે અક્ષરનું, યોગ્ય ક્રમમાં જોડાણ.....(2)
રાખજો તમે એનું ધ્યાન....(2)

શિક્ષક હંમેશાં કર્મનિષ્ઠ, વફાદાર અને નીડર બને તે જરૂરી છે. પગારની સાથે સાથે શિક્ષણને પ્રેમ કરે તે પણ જરૂરી છે. દુનિયાની મોટામાં મોટી પ્રક્રિયા શિક્ષણ છે, જે 17 વર્ષ જેટલી લાંબી ચાલે છે. પછી જ ખબર પડે છે કે આપણે સમાજને શું આપ્યું. સરકાર શિક્ષણ પાછળ અઢળક ખર્ચ કરે છે પણ સમાજને શું આઉટપુટ મળે છે? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે.

આ ઉપરાંત તાલીમાર્થીઓ ઉપર લેખન અભિવ્યક્તિ ઉપર પણ પ્રયોગ કર્યા. ગુજરાતી મેથડના તાલીમાર્થીઓને એક ગ્રૂપમાં બે એ રીતે પાંચ ગ્રૂપમાં વહેંચી દીધા અને દરેકને એક શબ્દ જેવા કે કરુણા, પ્રેમ, અકસ્માત, રેલવે સ્ટેશન, બસસ્ટેન્ડ વગેરે ઉપરથી પ્રસંગ કે વાર્તા બનાવવા માટે આપી. આમાં પણ તાલીમાર્થીઓએ ઉત્તમ કૃતિ તૈયાર કરી હતી. મને અને તાલીમાર્થીઓને બંનેને પ્રયોગ કરવાની મજા આવી ગઈ.

અંતે તાલીમાર્થીઓ કહ્યું કે અમે જ્યારે પણ શાળામાં ગોઠવાશું ત્યારે વ્યાકરણ અને લેખન ઉપર ખાસ ધ્યાન આપીશું જેથી આવનારી પેઢી સમાજમાં ટકી શકે.



# Teaming up for Teaching

## Use of Microsoft Teams platform for online remote teaching offers ease of teaching & learning

**- Dr. Jignesh Gohil**
Asst. Professor
Smt. M. M. Shah College of Education, Wadhwan city, Surendranagar

Recently the Education Department of Gujarat has announced 'Microsoft Teams' as a mandatory platform for teaching and learning for all the government and grant-in aid schools and colleges across the state. In fact, it is a welcome decision by the authority as Microsoft Teams provides so many interactive features for online education. In the time of Covid-19 pandemic, education has become a kind of emergency remote teaching process, which require a perfect online teaching-learning platform. 'Microsoft Teams' is such a boon to the teachers and students that they can interact with each-other very effectively.

After released in 2017 in New York, Microsoft Teams has become one of the most useful educational packages for many users. It has gained more than 7.5 billion users by April 2020. It is noted that 4.5 million minutes work was done every day in April 2020 by using Microsoft Teams (Wikipedia). So many countries have opted Microsoft Teams for online education in this pandemic for the reason that it provides not only video conferencing facility but also so many features for educational activities. In short Microsoft Teams is a complete bunch to make emergency remote teaching interactive and interesting. Let us have an over view of features of Microsoft Teams, which make it an educational package.

These are some of the key features of Microsoft Teams for the educational activities. In its recent update, Microsoft Teams has been so much improved for it. It has launched 'Together Mode' video meeting so that the students can be seen sitting on

## List of some educational facilities in Microsoft Teams




- Institutional sign up for 365 A1 educational packages
- Cloud-based storage facility up to 1 TB
- Classroom creation for different standards or subjects
- Channel creation in classroom for easy interaction
- Add and manage faculty and students any time
- Calendar view for management and monitoring
- Live class meeting with some important features like attendance, recordings, chat, raise hand, meeting notes, screen share and much more
- Class Notebook for collaborative writing
- Adding third party applications like YouTube, Karma, Wikipedia, Insight etc
- Assigning or scheduling of MCQ test and written Assignment
- Auto grading of MCQ test, Grading facility for Written Assignments
- Records of Grades and assignments which can be exported in Excel
- Record of Faculty-Students activities on Microsoft Teams from Admin centre.
- Daily or monthly reports on Teacher-students work and activities

chair in front of teachers. This feature offers look & feel of a real classroom.

The above features are rarely provided by any video-conferencing app being used for online classes in Gujarat nowadays. These features prove Microsoft Teams to be a perfect bunch for online education. In fact, it is an education package itself which can run the remote teaching-learning effectively.

Looking at Microsoft Teams and its features, presently no other app can be better option for remote teaching. The way it avails features for different educational activities like live meetings, collaborative notes, content sharing, assessment, data records, daily reports and much more, it is not less than any classroom itself.

To conclude this, we should never thank Covid-19 for anything but yes it has given us some chance to deal with ICT for education. It has opened doors of online education overnight and forced us to work from home, and by doing so, it has developed some ICT skills in our teachers and students. The platforms like Microsoft Teams have updated their features and facilitated some effective stuffs for online teaching and learning. We must thank technology for being with us in this critical situation, for being a bridge between students and teachers and keeping education a continuous process.



# આઈઆઈટીઈનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ અભ્યાસક્રમ શિક્ષકોના કૌશલ્યોને ઘડશેઃ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

## મુખ્યમંત્રીશ્રીના હસ્તે આઈઆઈટીઈના બી.એડ. અભ્યાસક્રમનું વિમોચન થયું

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જાહેર થયા બાદ ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) દ્વારા નીતિમાં શિક્ષક પ્રશિક્ષણ તથા શાળા શિક્ષણ માટેના સૂચનોનું એનસીએફટીઈ 2009 પર આધારિત અભ્યાસક્રમ સાથે સંયોજન કરીને બી.એડ.ના નવા અભ્યાસક્રમની રચના કરવામાં આવી છે. આ અભ્યાસક્રમનું વિમોચન 12 ઓક્ટોબરના રોજ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે, માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે, આઈઆઈટીઈ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોને અભ્યાસક્રમમાં આવરી લેનારી રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બની છે. એટલું જ નહીં આઈઆઈટીઈ સંલગ્ન તમામ બી.એડ. કૉલેજોમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી જ આ અભ્યાસક્રમનો અમલ કરવામાં આવ્યો છે.

માન. મુખ્યમંત્રીશ્રીએ નવા અભ્યાસક્રમના પુસ્તકનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં નવી પેઢીના બાળકોને તાલીમ આપતા ગુણવત્તાયુક્ત શિક્ષકોને તૈયાર કરવા માટે શિક્ષણ પ્રશિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણ નીતિમાં જ બી.એડ.ના અભ્યાસક્રમને ચાર વર્ષના ઇન્ટિગ્રેટેડ ડિગ્રી અભ્યાસક્રમ સાથે જોડવાનું સૂચન છે. આથી આઈઆઈટીઈએ તૈયાર કરેલો આ અભ્યાસક્રમ, રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત બી.એડ. કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને ભવિષ્ય માટે જરૂરી છે, તેવાં કૌશલ્યો અને સમજ વિકસાવવામાં ખૂબ જ મદદરૂપ બનશે તેવો મને વિશ્વાસ છે." મુખ્યમંત્રીશ્રીએ આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોને ખૂબ જ ઓછા સમયમાં બી.એડ.ના અભ્યાસક્રમમાં સામેલ કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

નવા બી.એડ. અભ્યાસક્રમની રૂપરેખા આપતા આઈઆઈટીઈના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, "આઈઆઈટીઈના નવા બી.એડ. અભ્યાસક્રમની રચના પ્રવર્તમાન નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર ટીચર એજ્યુકેશન - 2009ના આધારે અને જાહેર થયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનો મુજબ તૈયાર કરવામાં આવી છે. અભ્યાસક્રમની રચનામાં 200 અધ્યાપકોના સૂચનો મળ્યાં હતાં. સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ. કોલેજો આઈઆઈટીઈ સાથે જોડાયા બાદ હવે વિદ્યાર્થીઓને રાજ્યમાં એક સમાન અભ્યાસક્રમની તાલીમ મળશે."

આ અભ્યાસક્રમની ખાસિયતો જણાવતા કુલપતિશ્રીએ જણાવ્યું કે, "અભ્યાસક્રમમાં કલા, સાહિત્ય, વિજ્ઞાનનો સમન્વય સાધવામાં આવ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચન અનુસાર અમે આ અભ્યાસક્રમમાં ભાવિ શિક્ષકો માટે 4 ભાષાઓ શીખવાની પ્રક્રિયાને આવરી લીધી છે. આ ચાર ભાષાઓને અભ્યાસક્રમમાં શીખવાથી આઈઆઈટીઈના વિદ્યાર્થીઓ જે ભવિષ્યમાં શિક્ષકો બનવાના છે, તેમને આ ચારેય ભાષાઓનું શિક્ષણ આપવાની સજ્જતા કેળવાશે."

તેમણે વધુમાં કહ્યું, "હાલ દેશના મોટાભાગના શહેરોમાં અપવાદોને બાદ કરતા અંગ્રેજી માધ્યમની હોય કે પ્રાદેશિક માધ્યમની, સરકારી હોય કે ખાનગી દરેક પ્રકારની શાળઓના વર્ગખંડોમાં વિવિધ માતૃભાષા અને પ્રાંતોના વિદ્યાર્થીઓ જોવા મળે છે. જો શિક્ષક બહુભાષીય કૌશલ્ય ધરાવતા હશે તો, જે-તે પ્રદેશના સ્થાનિક બાળકોની જરૂરિયાતોને સમજીને, તેમની ભાષા, બોલી, સંસ્કૃતિ અને સમાજજીવનને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપી શકશે. જેનાથી ડ્રોપ-આઉટનો દર ઘટશે. આ તમામ વિચારોને ધ્યાનમાં રાખીને અમે આ અભ્યાસ ક્રમની રચના કરી છે. "આ અભ્યાસક્રમ અનુસાર આઈઆઈટીઈ સંલગ્ન બી.એડ. કોલેજોના તાલીમાર્થીઓને તબક્કાવાર 16 સપ્તાહ એટલે કે બે વર્ષના અભ્યાસક્રમમાં લગભગ 4 મહિના જેટલા સમયગાળા માટે સરકારી શાળાઓમાં ઇન્ટર્નશીપ કરવાની બાબતને પણ આવરી લેવામાં આવી છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ, પ્રો. દિવ્ય શર્મા યુનિવર્સિટીના ડીન ડૉ. કલ્પેશ પાઠક ઉપસ્થિત રહ્યા હતા.

## શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસકારક અમલીકરણ માટેનો સંવાદ પ્રવાસ



# પરામર્શન પાથેય

સતત અને ઝડપથી બદલાતા વૈશ્વિક પ્રવાહો સાથે તાલ મિલાવી શકે તે પ્રકારે ભારતની ભાવિ પેઢીઓના ઘડતર માટેનો એક આધારભૂત દસ્તાવેજ આપણને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સ્વરૂપે પ્રાપ્ત થયો છે. દેશમાં હકારાત્મક પરિવર્તન, પ્રગતિ અને નિરંતર વિકાસને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એક માર્ગદર્શક દસ્તાવેજ છે. ગુજરાત સરકાર દ્વારા શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સના સદસ્ય તરીકે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ)ના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા સોંપવામાં આવેલી આ જવાબદારી ઉપરાંત શાળા શિક્ષણનો આધારસ્તંભ ગણાતા શિક્ષકોના ઘડતર માટે સ્થાપિત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડૉ. હર્ષદ પટેલે પરામર્શન પાથેય કાર્યક્રમની સંકલ્પના કરી છે. નવરાત્રિના પ્રથમ દિવસ તા. 17 ઓક્ટોબરથી શરૂ થયેલા પરામર્શન પાથેય કાર્યક્રમ હેઠળ માન. કુલપતિશ્રી સમગ્ર ગુજરાતમાં આઈઆઈટીઈ સાથે સંલગ્ન તમામ બી.એડ. કૉલેજો તથા જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોની મુલાકાત લેશે અને શિક્ષક પ્રશિક્ષણ તથા શાળા શિક્ષણ સાથે સંકળાયેલી



17.10.2020, A.G. Teachers College



17.10.2020, SUG, College of education, Ahmedabad



18.10.2020 - Meeting with Hon. V.C. Sanskrit University, Somnath



19.10.2020 -Darbar Gopaldas Sikshan Mahavidyalaya - Aliyabada



19.10.2020 - DIET Jamnagar



19.10.2020 - Shree Ramba DIET Porbandar



19.10.2020 - Shree Shardapeeth Atrs, Commerce College of Education, Dwarka



20.10.2020- C.H.Shah Maitry Vidyapeeth Mahila College of Education - Surendranagar



20.10.2020- Shree Zaverchand Meghani DIET - Surendranagar



20.10.2020 - Institute of Language Teaching, Rajkot



20.10.2020 Smt. J. J. Kundalia Graduate Teachers College, Rajkot



20.10.2020 - Smt. M. M. Shah College of Education, wadhwan



20.10.2020- Shri P. D. Malviya Graduate Teachers College, Rajkot



22.10.2020 - DIET Ahmedabad



26.10.2020- College of Education, Nani Daman



26.10.2020 - DIET - Navsari



26.10.2020 - Government B.Ed. College, Vansda



26.10.2020 - Shrirang Shikshan Mahavidyalay,Bilimora

સંસ્થાઓના ટ્રસ્ટી મંડળો, જિલ્લા શિક્ષણ અધિકારીઓ, સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા અધ્યાપકો સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે શાળા શિક્ષણ માટેના સૂચનો મેળવવા માટે સંવાદ સાધશે.

પરામર્શન પાથેય કાર્યક્રમની રૂપરેખા સ્પષ્ટ કરતા કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં શાળા શિક્ષણનું નવું માળખું સૂચવવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રત્યેક વ્યક્તિની શૈક્ષણિક તાલીમમાં શાળા શિક્ષણનો સૌથી મોટો હિસ્સો હોય છે. એટલે કે આપણે ઉચ્ચ શિક્ષણમાં બેચલર ડિગ્રી અને માસ્ટર ડિગ્રી માટેના પાંચ કે સાત વર્ષનો કુલ સમયગાળો ગણીએ તો તેની સામે શાળા શિક્ષણ ધો. 1થી 12 એમ કુલ 12 વર્ષનો સમયગાળો કેળવણી માટેનો હોય છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, "શિક્ષણ સમાવર્તી યાદીમાં મૂકાયેલો વિષય છે. શાળા શિક્ષણમાં રાજ્ય સરકારની ભૂમિકા 80 ટકા જેટલી હોય છે. કારણ કે, નવી શિક્ષણ નીતિમાં સ્થાનિક પરિવેશમાં અભ્યાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આથી શાળાના અભ્યાસક્રમમાં સ્થાનિક જરૂરિયાતો, સ્થાનિક-



# શિક્ષણ નીતિ બાળકને ખરા અર્થમાં વિદ્યાર્થી બનાવશે : શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા

પરામર્શન પાથેય કાર્યક્રમને માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું પ્રેરક માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન મળતું રહ્યું છે. કાર્યક્રમના પ્રથમ તબક્કામાં તા. 20 ઓક્ટોબરના રોજ રાજકોટની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેન્ગ્વેજ ટીચિંગ (આઈએલટી) ખાતે મળેલી સંવાદ બેઠકમાં આઈઆઈટીઈના માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલ, શિક્ષણવિદ્ શ્રી ભદ્રાયુ વછરાજાની ઉપરાંત આઈએલટીના આચાર્યશ્રી, અધ્યાપકો તથા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકને માન. શિક્ષણમંત્રીશ્રી સંબોધીત કરીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર બની રહે તેવી નેમ વ્યક્ત કરી હતી.

આ શિક્ષણ નીતિની વિશે વાત કરતાં માન. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું, “પાયો મજબૂત કરીએ તો ઇમારત મજબૂત થાય, એ માત્ર ભાષણની વાત નથી, પરંતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં તેનો અમલ થયો છે. અહીં પ્રાથમિક બાળ વિકાસના તબક્કાથી જ વિદ્યાર્થીના વિકાસનો પાયો મજબૂત કરીને તેને શ્રેષ્ઠ નાગરિક તરીકે કેળવવાની વ્યવસ્થા આ નીતિમાં સૂચવાયેલી છે. આજનો બાળકો વિદ્યાર્થી મટીને પરીક્ષાર્થી બની ગયાં છે, તેમાંથી તેઓ ફરી પાછા વિદ્યાર્થી બને અને ખરા અર્થમાં જ્ઞાન પ્રાપ્ત કરે, તેનું માર્ગદર્શન આ શિક્ષણ નીતિમાં કરે છે.”

આ શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે માન. શિક્ષણ મંત્રીએ રાજ્ય સરકારની કટિબદ્ધતા વિશે જણાવ્યું, “અમે રાજ્ય કક્ષાએ શિક્ષણ નીતિના અમલીકરણની દિશા નિર્ધારિત કરવા માટે શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ એમ બે ટાસ્ક ફોર્સની રચના કરી જેમાં અધિકારીઓ, બિનસરકારી તજજ્ઞોનો સમાવેશ કરીને, તેમાં પણ પ્રકરણ દીઠ સમિતિ રચવામાં આવી છે.”

આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના પરામર્શન પાથેય કાર્યક્રમને બિરદાવતા માન. શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું, “રાજ્યના સૌ વિશેષજ્ઞોનો સમિતિમાં સમાવેશ કરવો શક્ય નથી. એટલે અમારી ટાસ્ક ફોર્સના સભ્યો આ પ્રકારે આપ સહુની વચ્ચે આવીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિની વાત કરે અને તેના અમલીકરણમાં સરળીકરણ અને અસરકારકતા લાવી શકાય તે વિશેના સૂચનો મેળવે. આ કામ પૂર્ણ થયા બાદ અમે સાથે મળીને આ શિક્ષણ નીતિના અમલીકરણનો એક રોડ-મેપ બનાવવા જઈ રહ્યા છીએ. હર્ષદભાઈ જ્યારે દરેક જિલ્લામાં જઈને સહુના સૂચનો મેળવીને અમને તેની નોંધ તૈયાર કરીને આપશે ત્યારે અમને કેટલું ભાથું મળશે એ વિચાર ખૂબ ઉત્સાહ આપે છે.”

માન. શિક્ષણમંત્રીશ્રીએ શિક્ષણ નીતિના અમલીકરણની વ્યવસ્થાની ચર્ચા બાદ નેમ વ્યક્ત કરી કે સ્ટૂડ્ન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇન્ક્યુબેશન પૉલિસીના અમલીકરણમાં જેમ ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે, તે જ પ્રકારને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે પણ ગુજરાત દેશમાં અગ્રેસર બનશે.

(રાજકોટની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લેંન્ગ્વેજ ટીચિંગ (આઈએલટી) ખાતે મળેલી પરામર્શન પાથેય કાર્યક્રમની બેઠકમાં માન. શિક્ષણમંત્રીશ્રીએ વિડિયો કોન્ફરન્સિંગથી આપેલા માર્ગદર્શન વક્તવ્યના આધારે)



26.10.2020 - Snatak Adhyapan Mandir, Vedchhi



27.10.2020 - College of Education Kharod



27.10.2020 - DIET - Surat



27.10.2020 - Government B.Ed. College, Kachhal



27.10.2020 - Smt V.R.Bhakta College, Kamrej



27.10.2020 - V. T. Choksi Sarvajanik College of Education, Surat



28.10 20. Shree Sarvajanik Edudcation College , Godhara



28.10.20 DIET, Vadodara




28.10.20 Sheth M N C College of Education, Dabhoi



28.10.20 Government B.Ed. College, Nasvadi



28.10.20 DIET, Rajpipla



28.10.20 DIET, Bharuch

પ્રાદેશિક ભાષા, સ્થાનિક જીવનશૈલીને વણી લેતી શિક્ષણ પ્રક્રિયા તૈયાર કરવી જરૂરી છે. એટલું જ નહીં માન. વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે "આ શિક્ષણ નીતિ સફળતા તેની સાથે જોડાયેલાં તમામ વર્ગોની સહભાગીતા પર આધારિત છે." આ વાતને અમે ધ્યાનમાં રાખી છે અને શિક્ષકો તૈયાર કરતી યુનિવર્સિટી તરીકે અમારા તાલીમાર્થીઓ નીતિને અસરકારક બનાવવાનું માધ્યમ બને તે પ્રકારે તેમની તાલીમ સુનિશ્ચિત કરવાની છે."

કુલપતિશ્રીએ જણાવ્યું કે,"આ શિક્ષણ નીતિમાં 5+3+3+4 એમ કુલ 15 વર્ષનો સમયગાળો બાળકની કેળવણી માટે શાળા શિક્ષણમાં સમાવિષ્ટ કરવાનું સૂચન છે. આ સમયગાળો વ્યક્તિ અને વ્યક્તિત્વ ઘડતર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. શાળા શિક્ષણમાં સૌથી મહત્ત્વની ભૂમિકા શિક્ષકની છે કારણ કે તેમના દ્વારા જ વિદ્યાર્થીઓને શિક્ષણ મળે છે. શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ માટે આઈઆઈટીઈની જવાબદારી બેવડી છે. નીતિના સૂચનોને આધારે શિક્ષકોને પણ એ પ્રકારે તાલીમ આપવાની થાય કે જેથી તેઓ તાલીમ બાદ જે પણ શાળામાં જાય ત્યાં એ નીતિના અમલીકરણના ઉદ્દીપક બની શકે."

આ બાબતને એક ઉદાહરણથી સમજાવતા કુલપતિશ્રીએ જણાવ્યું, "હવે એવી પરિસ્થિતિ છે કે, ગુજરાતના સુરત જેવા શહેરની કોઈ શાળાના વર્ગખંડમાં ગુજરાત ઉપરાંત અન્ય પાંચ-છ રાજ્યોના બાળકો અભ્યાસ કરતા હોઈ શકે, જેમની માતૃભાષા, શિક્ષણના માધ્યમની ભાષા અને સ્થાનિક ભાષા એ ત્રણેય જુદી હોય. આવી સ્થિતિમાં શાળાઓમાં નિયુક્તિ પામનારા આઈઆઈટીઈમાં તાલીમ લઈ તૈયાર થયેલા શિક્ષકો એ બાળકોને શિક્ષણના પાઠ આપવા સક્ષમ હોવા જરૂરી છે.

આ પ્રવાસના અવલોકનો અને અનુભવ વિશે ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, "શાળા શિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સંદર્ભે સૂચનો મેળવવા ઉપરાંત આઈઆઈટીઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન સંસ્થાઓના રાજ્યમાં ફેલાયેલા ટ્રસ્ટી મંડળો, આચાર્યશ્રીઓ અને અધ્યાપકોના બૃહદ પરિવારનો પ્રત્યક્ષ સંપર્ક થયો. દરેક સંસ્થાની વિશિષ્ટતાઓ, તેમની માળખાકીય સુવિધાઓ, અધ્યાપકોની સજ્જતાઓ તેમની એક વ્યક્તિ તરીકેની ખાસિયતો નજીકથી જાણવા મળી. તમામ સંસ્થાઓએ આઈઆઈટીઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ અભ્યાસક્રમને આવકાર્યો છે. તેને સઘન બનાવવા માટેના સૂચનો પણ આપ્યાં છે."

ઉલ્લેખનીય છે કે, આઈઆઈટીઈ રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના સૂચનોને ચાલુ શૈક્ષણિક વર્ષથી જ પોતાના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કરનારી પ્રથમ યુનિવર્સિટી બની છે. આ અભ્યાસક્રમનું માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા માન. શિક્ષણ રાજ્યમંત્રીશ્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં તા. 12 ઓક્ટોબરના રોજ વિમોચન કરવામાં આવ્યું હતું.

તા. 31 ઓક્ટોબર સુધીમાં કુલપતિશ્રીએ આઠ દિવસના પ્રવાસમાં આઈઆઈટીઈ સાથે સંલગ્ન કુલ 59 સંસ્થાઓમાંથી પોરબંદર, દ્વારકા, જામનગર, અલિયાબાડા, રાજકોટ, દમણ, વાંસદા, વેડછી, ખરોડ, ગોધરા, ભરૂચ, વડોદરા, ડભોઈ, નસવાડી, રાજપીપળા, કામરેજ, સુરત, કાછલ, બિલિમોરા, નવસારી ખાતે આવેલી 30 સંસ્થાઓની મુલાકાત પૂર્ણ કરી હતી. બાકીની સંસ્થાઓની મુલાકાત નવેમ્બર માસના પ્રારંભિક સપ્તાહમાં દિવાળી પહેલાં જ પૂર્ણ કરી દેવાનું આયોજન છે.




### અંગ્રેજી ભાષાના શિક્ષણ વિશેની વાત સમજાય તેવી ગુજરાતીમાં

# અંગ્રેજી અધ્યયનની દશા અને દિશા નિશ્ચિત કરવાની જવાબદારી આપણી સહિયારી છે

**ડો. નિશાંત જોષી**

આસિસ્ટન્ટ પ્રોફેસર , સેન્ટર ઑફ એજ્યુકેશન, IITE , ગાંધીનગર

ભારત દેશમાં અંગ્રેજી ભાષાના ભારેખમ વિવાદો મેકોલે (19મી સદી)થી લઈને મોદીજીની સરકાર સુધી 150 વર્ષથી ચાલુ જ રહ્યા છે. એમાંય પાછું કઈ પદ્ધતિથી અંગ્રેજી ભણાવવું એ બાબતો માટે તો વિદ્વાનોએ શબ્દયુદ્ધ ખેલવામાં કંઈ બાકી નથી રાખ્યું.

આટઆટલા રાજકીય, સામાજિક અને શૈક્ષણિક યુદ્ધો પછી પણ આપણો ગુજરાતી વિદ્યાર્થી જ્યારે સારું અંગ્રેજી શીખી લે છે, ત્યારે એને "Eureka" (સાદી ભાષામાં જેને ટ્યૂબલાઇટ થઈ એવું કહીએ છીએ તે) જેવી feeling આવતી હોય છે. મનમાં'ને મનમાં સાનંદાશ્ચર્યથી પોતાની જાતને પૂછે છે કે "હેં, મને સાચે જ અંગ્રેજી આવડી ગયું !? Great, ક્યારે શીખી ગયો! કંઈ ખબર જ ના પડી!" અને બધા જ શિક્ષણવિદો, શિક્ષકો, પુસ્તક પ્રકાશનો, ટ્યૂશનવાળા મિત્રો, માતાપિતા, ભાઈબહેનો અને બીજા કેટલાય આ "Eureka"નો યશ પ્રાપ્ત કરવા માટે એવી રીતે મેદાનમાં ઊતરી આવે છે કે જાણે આ 'બાપડા', 'બિચારા' વિદ્યાર્થીને તો એટલો બધો વૈરાગ થઈ આવે કે, હું તો કશું જ નથી. જે કંઈ અધ્યયન સિદ્ધિ મળી છે, એમાં આ બધા જ કારણરૂપ છે. ધન્ય છે ભાઈ ધન્ય છે આ બધાને! પણ આ બધા શિક્ષણના હિતધારકો એ વાત ભૂલી જાય છે કે, તમે આ વિદ્યાર્થીને જે કંઈ શીખવામાં મદદ કરી એવી મદદ તો તમે સેંકડો વિદ્યાર્થીઓને કરી હતી તો બધા કેમ અંગ્રેજી શીખવામાં સફળ ના રહ્યા?

કેમ આજે પણ અંગ્રેજી ભાષા શીખવામાં, તેનો ઉપયોગ કરવામાં વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવે છે અને કેટલાક તો અંગ્રેજીના ભયથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનું માંડી વાળે છે. અને કેટલાક પ્રવેશ લઈને પછી છોડી દે છે. મારે ગુજરાતના વિદ્યાર્થીઓના સંદર્ભમાં અંગ્રેજી શિક્ષણ વિષે થોડી વાતો કરવી છે. કદાચ આ વાતોથી કેટલાક "ભ્રમ" (ગેરમાન્યતાઓ) થી આપણે "બ્રહ્મ" (સાચા તારણો) તરફ જઈએ અને તમારા મનમાં કઈંક "click" થાય, તો પેલા વિદ્યાર્થિની જેમ "Eureka" બોલી લેજો અને ના થાય તો સમજવું કે કોઈક શિક્ષણના વાડામાં ફસાઈ ગયા છો. થોડી વાતો આપણાં અંગ્રેજી શિક્ષણની.


સૌપ્રથમ તો એ સમજાતું નથી કે અંગ્રેજી ન આવડવા બાબતે આટલી બબાલ કેમ છે? આપણે અંગ્રેજી ભાષાના કયા કૌશલ્યની કેટલે અંશે જરૂર પડે છે? Radio Jockeyને લેખન

કૌશલ્યની કેટલી જરૂર અને શાકભાજીનો વ્યવસાય કરતા વિદ્યાર્થીને રોજબરોજના જીવનમાં અંગ્રેજી કેટલું બોલવાનું થશે? અંગ્રેજી માધ્યમ શાળાઓ, ઉચ્ચ શિક્ષણ મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયો તથા હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમજ અંગ્રેજી મીડિયાને બાદ કરતાં અંગ્રેજી ભાષામાં ભાગ્યે વાતચીત જ થતી હોય છે. આ બધા સાથે જોડાયેલા લોકોની સંખ્યા 40% જેટલી છે. બાકીના લોકોને ખપ પૂરતું અંગ્રેજી વાંચતા, સાંભળતા તેમજ સમજતા આવડે તો પૂરતું છે. પેલા 40% માટે થઈને બીજા 60% લોકોને અંગ્રેજી ના આવડતું હોવાનો ભય કે શરમ રાખવાની શી જરૂર છે? આમ આપણે સૌએ એ નક્કી કરવું પડશે કે એક ગામડાના ખેડૂતનો દીકરો અંગ્રેજીમાં ઉત્કૃષ્ટ દેખાવ ના કરી શકે તો એ કોઈ જ નિષ્ફળતા નથી. એટલા માટે જ ગ્રામ્ય અને શહેરી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીના જુદા જુદા પાઠ્યપુસ્તકો તૈયાર કરવા જોઈએ તેવું મારુ મંતવ્ય છે. કેન્દ્રીય શિક્ષણ બોર્ડ - CBSE ગણિત વિષય માટે એકથી વધુ પાઠ્યપુસ્તકો લાવીને આ જ અભિગમ અપનાવી રહી છે ત્યારે, ગુજરાત અને બીજા રાજ્યોએ અંગ્રેજીના એક થી વધુ સ્તરના પાઠ્યપુસ્તકો જુદાજુદા સ્તરે (need based text-book) અમલમાં મૂકવા જ રહ્યા, નહીં તો આપણાં વિદ્યાર્થીઓના મનમાંથી અંગ્રેજી પ્રત્યેનો ભાર અને ભય ક્યારેય ઓછો નહીં થાય (ખાસ કરીને પછાત અને ગ્રામીણ વિસ્તારોમાં). એવાં પાઠ્યપુસ્તકો જેમાં ધોરણ 6 માં રવિન્દ્રનાથ ટાગોરની "Free-dom" જેવી ખૂબ ઊંડાણવાળી અને તત્ત્વજ્ઞાનથી ભરેલી કૃતિ કરતાં એમના ગામડામાં પ્રચલિત લોકવાર્તા કે પછી એમના વિસ્તારમાં બનતી ઘટનાઓની, એમના જીવનની વાત હોય એવી વિગતો સમાવિષ્ટ થાય. દરેક પ્રદેશને ન્યાય ના આપી શકાય તો આપણે ગુજરાતને એક પ્રદેશ સમજીને આપણી અંગ્રેજી કવિતાઓ કે વાર્તાઓ રચીને આપણા પાઠ્યપુસ્તકોમાં કેમ મૂકી ના શકીએ? આપણા પાઠ્યપુસ્તકોમાં Rani Ki Vaav, Pranav Mistry, Sardar Patel વગેરે ઘણાં ઉદાહરણો છે, એનો આનંદ છે. છતાં એમ લાગે છે કે હજી વાસ્તવિક રોજગારલક્ષી અંગ્રેજી ભાષા જાણવાની જરૂરિયાત અને વિદ્યાર્થીઓના અંગ્રેજી શીખવાના હેતુઓને ધ્યાનમાં રાખીને ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સરળ, રસપ્રદ અને આનંદદાયક અંગ્રેજીના પાઠ્યપુસ્તકો રચવામાં આપણે હજી ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે.

બીજી વાત સામાજિક પરિપ્રેક્ષ્યમાં છે. આપણે સૌ જાણીએ છીએ કે અંગ્રેજી વિશ્વભાષા બની ચૂકી છે અને internet ની ભાષા પણ મહત્તમ અંગ્રેજી જ છે. આ વાસ્તવિક્તાને સ્વીકારવાને બદલે આપણે અંગ્રેજી ભાષાને "ગુલામીની ભાષા", "આપણું શોષણ કરનારા અંગ્રેજોની ભાષા", "ભારતીય ભાષા કરતાં નિમ્ન કક્ષાની ભાષા" વગેરે ઉપનામોથી આપણી નવી પેઢીના બાળકો કે યુવાનો સમક્ષ મૂકીએ તો પછી એમના મનમાં કાયમ અંગ્રેજી ભાષા પ્રત્યે એક ઘૃણા કે અણગમો સ્થાયી થઈ જાય. જે અધ્યયનમાં અવરોધરૂપ બને અને આ બાબત આગળ જતાં અંગ્રેજી ભાષા ના આવડવાનો ભય અને ભાર ઊભો કરવાની જ છે. અંગ્રેજી ભાષાનું પ્રાથમિક જ્ઞાન અને કોઈપણ વિષયના વૈશ્વિક જ્ઞાન માટે અંગ્રેજી આ બંનેનું મહત્ત્વ સમજી ભાવાત્મક રીતે અંગ્રેજીની જરૂરિયાતને સામાજિક સ્વીકૃતિ અને સન્માન આપવું એ આપણી સૌની સામાજિક જવાબદારી બને છે. જો

ત્રીજી વાત છે સામાજિક સહકાર અને પ્રોત્સાહનની. કોઈ પણ ભાષા શીખવા માટે તેનો રોજિંદા જીવનમાં ઉપયોગ થાય, જીવંત વર્તમાન પરિસ્થિતિમાં (live context) અંગ્રેજીનો ઉપયોગ કરવાનો મહાવરો થાય એ આવશ્યક છે. પરંતુ આપણે ત્યાં સામાજિક મેળાવડાઓમાં અંગ્રેજી બોલવાનો મહાવરો કરવા જાય તેને "ચાંપલો છે", "વાયડો છે", "પોતાની જાતને બહુ સ્માર્ટ સમજે છે", "નવીનવાઈનો અંગ્રેજી શીખ્યો છે", "બહુ ઇમ્પ્રેશન જમાવે છે", "અંગ્રેજોનો વારસદાર છે" વગેરે જેવા વ્યંગવાક્યોથી હતોત્સાહિત કરવામાં આવે છે. આમાં બે વાત છે. એક તો જેમને પોતાને અંગ્રેજી આવડતું નથી એવા લોકો એને હતોત્સાહિત કરે છે. બીજું એ કે જેમને સારું અંગ્રેજી આવડે છે એ લોકો એમની ભૂલો શોધવામાં આનંદ લે છે. "આવડતું હોય તો જ બોલાય", "કૌવા ચલા હંસ કી ચાલ", "થોડું અંગ્રેજી આવડે એમાં તો લોકો હવામાં ઊડતા થઈ જાય છે" વગેરે વાક્યો બોલીને કે પછી બધાની વચ્ચે એની ભૂલ કાઢીને એવું સાબિત કરવા મથે કે મને એના કરતાં વધુ અંગ્રેજી આવડે છે. આ બંને પ્રકારના સામાજિક વર્તનોએ આપણાં વિદ્યાર્થીઓ અને યુવાનોને અંગ્રેજીમાં વાતચીત કરતાં અટકાવ્યા છે. એમના ભય અને ભારમાં ખૂબ વધારો કર્યો છે. આવું કરવાને બદલે આપણે આપણાં ભાઈબહેનોને પ્રોત્સાહિત કરતા વાક્યો ના બોલી શકીએ? જેવાં કે "nice effort dear", "you have learnt a lot these days", "that was really the perfect word you used", "I am happy that you are trying to learn English, let's talk in English for five minutes", "આવી રીતે જ બોલવાનું ચાલુ રાખજે, મને લાગે છે કે તું વધુ સારું શીખી લઇશ", "well said dear" વગેરે જેવા શબ્દ સમૂહો કે વાક્યો આપણી આસપાસ રહેતા કેટલાય વિદ્યાર્થીઓ અને યુવાનોના અંગ્રેજી ભાષા શીખવામાં રહેલા રસ, રુચિ અને ઉત્સાહને બમણા કરી દેશે અને ભયનું તો નામોનિશાન નહીં હોય. કોઈ ભૂલ કાઢવાવાળું જ ના રહે તો ભય શેનો? ભૂલ કાઢવાનું કામ શિક્ષકો પર છોડી દઈ આપણે માત્ર પ્રોત્સાહિત કરીએ અંગ્રેજી ભાષામાં પ્રત્યાયન માટે.

અને છેલ્લે એટલું જ કે ICTના યુગમાં જ્યારે અંગ્રેજીની ભાષા સુધારણા Microsoft Word, Excel, Powerpoint તેમજ Grammarly જેવા અનેક સોફ્ટવેર ખૂબ જ આસાનીથી કરી આપે છે, તેમજ online dictionary and grammar applications and tools ઉપલબ્ધ છે, ત્યારે વિદ્યાર્થીને આ બધા software અને applications વિષે સઘન તાલીમ આપીને એમનો અંગ્રેજી શીખવામાં અને ઉપયોગ કરવામાં જે ભય, અરુચિ અને ભાર છે તેને આસાનીથી દૂર કરવાની જવાબદારી આપણે સૌએ ઉપાડવી જ રહી.



# ગુજરાતી ભાષા, સાહિત્ય અને સાંસ્કૃતિક વિચારવારસાનું ધામ - ગુજરાતી સાહિત્ય પરિષદ

**- અર્ચના પટેલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર , સેન્ટર ઑફ એજ્યુકેશન, IITE , ગાંધીનગર

અમદાવાદમાં બનેલો રિવરફ્રન્ટ આજે દેશ અને દુનિયાના લોકોના ધ્યાન આકર્ષણનું કેન્દ્ર છે. રિવરફ્રન્ટના ટાઈમ્સવાળા ખાંચામાં વળો એટલે તરત જ ડાબી બાજુ થોડી ખુલ્લી જગ્યા દેખાય. પહેલાં તો આ ખુલ્લી જગ્યાની બાજુમાં જ નદીનો પટ હતો. સુંદર રમણીય જગ્યા! અમદાવાદ શહેરમાં આવી પ્રાકૃતિક સૌંદર્યની જગ્યા ભાગ્યે જ જોવા મળે. આ રમણીય જગ્યાની બાજુનું જ મકાન તે ગુજરાતી સાહિત્ય પરિષદ કે જે ૧૧૫ વર્ષ પહેલાં સ્થપાયેલી સંસ્થા છે. હાલમાં સાહિત્ય પરિષદ તેની ચૂંટણી પ્રક્રિયાને કારણે સમાચારપત્રોના માધ્યમથી લોકો સુધી પહોંચી છે. પણ તેને જાણે છે કેટલા?

ગુજરાતી ભાષા, સાહિત્ય અને તેના માધ્યમથી ગુજરાતી



સંસ્કૃતિ અને વિચાર વારસાને સમૃદ્ધ બનાવવામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અમૂલ્ય પ્રદાન છે. સાહિત્યસેવાને પ્રોત્સાહન મળે તે વિચારને પરિણામે રણજિતરામ વાવાભાઈ મહેતાના નિષ્ઠાભર્યા પ્રયત્નોથી ઈ.સ. 1905માં ગુજરાતી સાહિત્ય પરિષદ અસ્તિત્વમાં આવી. સાહિત્ય પરિષદના પ્રથમ સંમેલનના પ્રમુખ તરીકે આપણા મૂર્ધન્ય સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠીની સેવાઓ મળી. જોકે 1920 સુધી રણજિતરામ તેનું ચાલક બળ તરીકે રહ્યા. આ ઉપરાંત રમણભાઈ નીલકંઠ, આનંદશંકર ધ્રુવ, રવીન્દ્રનાથ ટાગોર (અતિથિવિશેષ તરીકે), મહાત્મા ગાંધી, ઉમાશંકર જોશી, બ. ક. ઠાકોર, વિનોદ ભટ્ટ, યશવંત શુક્લ, મનુભાઈ પંચોળી ‘દર્શક’, નિરંજન ભગત, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, ધીરુબહેન પટેલ... જેવાં અનેક સાક્ષરોની ઉષ્મા જેને સાંપડી છે. તેવી સાહિત્ય પરિષદ ગુજરાતના ખૂણે ખૂણે, દેશની અને વિદેશની ક્ષિતિજો સુધી વિસ્તરેલી છે. આ સાહિત્યિક સંસ્થાનો પરિચય કરાવવો એ સૂરજને દીવો બતાવવા જેવી વાત છે.

તેની પ્રવૃત્તિઓથી ગુજરાતી સાહિત્યની જ્ઞાન ગંગોત્રીમાં નવા સર્જનો અને સર્જકોનો સંગમ થતો રહે છે. પરિષદની વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ સાહિત્યમાં રસ ધરાવતી પ્રત્યેક વ્યક્તિ માટે સમજણ અને અભિવ્યક્તિ વિકસાવવાનો એક મંચ બની શકે તેમ છે.

ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પૂછો કે સંશોધન શબ્દ વિશે શું જાણો છો? તો મોટાભાગના વિજ્ઞાન વિદ્યાશાખાના સંશોધનની વાત કરશે પણ સાહિત્યમાં પણ સંશોધન થતાં હોય છે. તેની જાણ બહુ ઓછા વિદ્યાર્થીઓને હોય છે. આપણાં ભાવિ શિક્ષકોને જાણ હેતુ કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર - ક. લા. સ્વાધ્યાય મંદિરની સ્થાપના 1981માં ગુજરાત યુનિવર્સિટીની માન્યતા મેળવીને કરવામાં આવી. સંકલ્પ હતો - સંશોધનના વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ કરવાનો. બીજો વિભાગ તે ચી. મ. ગ્રંથાલય (જાહેર ગ્રંથાલય) જેમાં 80 હજારથી પણ વધુ પુસ્તકો, 250 જેટલી હસ્તપ્રતો છે. તો 450 જેટલા દુર્લભ પુસ્તકો પણ છે.

નવોદિત સર્જકો માટે ઉગમણો વિભાગ તે બુધસભા. છેલ્લા 60 વર્ષથી સતત નવોદિત સર્જકોને ઘડતી આ કવિસભા એ કેટલાય સાહિત્યકારો ને ઘડ્યા છે. સાંપ્રત સમયમાં માતૃભાષા અંગે જાગૃતિ લાવવાના હેતુએ ‘માતૃભાષા સંવર્ધન કેન્દ્ર’ની શરૂઆત કરવામાં આવી. તેના કાર્યક્રમોમાં કોઇપણ વ્યક્તિ જોડાઈ શકે છે. વિદ્યાર્થીઓને ઉપયોગી એવા પત્રકારત્વ અને અનુવાદના અભ્યાસક્રમો પણ અહીં ચલાવવામાં આવે છે. સાહિત્ય પરિષદની એક અનોખી પહેલ છે - ‘આનંદની ઉજાણી’. મહિનાના છેલ્લા શનિવારે સાંજે 4 થી 8 ના સમયમાં આ ઉજવણીનો કાર્યક્રમ થતો હોય છે. જેમાં શાળા - કોલેજના વિદ્યાર્થીઓ માટે એક શૈક્ષણિક પ્રવાસથી જરાય ઓછો નથી. નાસ્તાની સાથે સાથે સાહિત્યજ્ઞાન અહીં પીરસાય છે. ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવતા વ્યક્તિઓ અને સંસ્થાઓ તેમાં ભાગીદાર થઈ શકે છે.

આ ઉપરાંત પરસ્પર ફોરમ, વાંચે ગુજરાત, સાહિત્ય શ્રેણી, સ્મૃતિ સમિતિ, સ્વાધ્યાયપીઠ, વ્યાખ્યાનમાળા, નાટ્યપરિક્રમા, દ્રશ્ય-શ્રાવ્ય કેન્દ્ર, જ્ઞાનસત્ર, સાહિત્યયાત્રા, સર્જકો સાથે સંવાદ, બાળવિભાગની પ્રવૃત્તિઓ, સ્ત્રીઓ સર્જનકાર્યમાં સક્રિય થાય તેવા કાર્યક્રમો... આવી અનેકવિધ પ્રવૃત્તિઓ સાહિત્ય પરિષદ દ્વારા સાંપડતી રહે છે.

(તસવીર સૌજન્ય : gujaratisahityaparishad.com )



# Temporal Pincer: An Aspirant Teacher's War With Time

**Romin Jain | 2020**

Temporal Pincer (read ahead before you actually begin searching the word up!) guided by turnstiles that's what and where I stand in time, I believe during this journey of transitioning from an inveterate student to a teacher. Getting it straight through the rabbit's burrow, we have been through times when online courses and/or learning was more of a distinct offering, which transmitted slowly into a trend with MOOCs and growing E-learning platforms but all of sudden from who knows where it seems, w hit a rock!

Sometime around March, let's say the rock actually hit us pushing aside what most of us had for "teaching-learning". Witnessing humongous rise in number of digital platforms to teach and learn, we stood with hands folded, in hope until the slightest of what was left in us, stood on a slope. While industrialists, authors, businessmen and almost all have had their perspectives brightly shining at different places, diving here is what rumbles the piston in an aspirant teacher's (call it a trainee teacher/ teacher trainee) mind.

Aah, so the answer comes in streams of screams, not the kind, when someone throws you a surprise party...No! But the kind of screams when some M. Night Shyamalan or James Wan throw jump-scares in their offerings. Too exaggerated, right? Well, if not that, this little piece (pun intended) of situation standing right before us isn't romantic either. Studying in one of a kind flagship course here at IITE and having the blessed advantage of being able to try three

different pairs of shoes at the same time viz. a student, a teacher and a teacher trainee, here's me putting up how and what this situation actually stacks up for us.

The first experience truly clicked in as a student during the initial days of the lockdown. For a few of us, it was even the first hands on experience to video-learning, facilitated by IITE's collaboration with BISAG. The deal looks something surely to bag wherein classes actually become more handy, accessible and less straining. We fit those shoes, we did. But, running around in this pair becomes quite a difficult affair. Clear communication and problem solving levelling up with what would have been possible in a real class lies still at side in a state of confusion.

Trying out the next pair of shoes became possible sometime later during the Practice Teaching examinations for the pre-final year. The site set up for online teaching was amusing and astonishing both at the same time for how much that, we knew as "skills" for our programme in Education, was rendered redundant. Comfort or discomfort, bribing up technology probably was the only seeming alternative left and so we did, hit some keys on our keyboard, stacked some PowerPoint up, and delivered with our faces lit up (exactly the opposite in my case). Amusing it is, for just a spasm back, one couldn't think of recording or delivering a lecture in video mode without the presence of cameras, lights, studio-grade setups, background management and what not! All what we now have is a small hole to set us up located at the top of our personal computer displays.

However, the most exciting pair of shoes to try is the one, which isn't made yet, the third one. Teacher trainee you call it and I call it teaching aspirant, is that pair of shoes supposed to be crafted in this period of learning. With the field having changed itself, what my specific pair of shoes requires is enhancement.

The test of time for us, as a community of professionals aspiring very specifically for the role of educators, is denser than it seems. For years, speakers practicing in public have been advised to "Know their audience", which the mode of teaching to be opted is surely limiting. Moreover, we are now required to be limitless because using the same age-old PowerPoints isn't the only saviour. Moreover, using the same popular applications viz. Zoom, G-Meet and MS Teams will be a boredom soon! So, what then? Is innovation the only choice left?

No. Not Exactly. All that we need to do is a little different from what the others are doing. And yes, that means not using the same applications and delivering video lectures time and again. Just search up any of your favourite software shack and try locating what choices you have to teach, I was stunned looking at the alternatives. In classes that we are looking forward to, a set of named traditional skills wouldn't be enough. What we now need is integration and curation on their truest senses: Integration of Teaching Platforms and methods and curation in terms of content.

"Temporal Pincer", searched up the word already, didn't you? Well, if you had actually searched up what Temporal Pincer is, I would speak much like the communication between former American President George Bush and his secretary during the Twin Tower attack when the latter affirmed to put "WE ARE UNDER ATTACK, SIR!". Both as educators and as prospective teachers, we are under a similar attack namely the Temporal Pincer, wherein moving forward in time, our moves are already known hence, the strategy is to move forward with the knowledge that our moves are already exposed and most importantly to acknowledge the need to do different than what we would have ideally done.

# Campus Canvas



યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગની બેઠક 10 ઓક્ટોબરના રોજ મળી હતી.



શિક્ષણ વિદ્યાશાખામાં થતાં સંશોધનોને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા માટે IITE અને INFLIBNET વચ્ચે 16 ઓક્ટોબરના રોજ સમજૂતી કરાર થયો. INFLIBNET ના ડાયરેક્ટર પ્રોફેસર જે પી સિંઘ જૂરેલ તથા IITE ના રજિસ્ટ્રાર શ્રી ડૉ. હિમાંશુ પટેલ વચ્ચે આ MoU પર હસ્તાક્ષર થયા.



રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ઉચ્ચ શિક્ષણમાં અમલીકરણ અંગેના સૂચનોની ચર્ચા માટે માન. કુલપતિશ્રીની ઉપસ્થિતિમાં આઈઆઈટીઈના શૈક્ષણિક સ્ટાફ સાથે 22 ઓક્ટોબરના રોજ બેઠક મળી હતી.



આઈઆઈટીઈ સાથે સંલગ્ન સંસ્થાઓમાં આગામી સમયમાં રમત-ગમતના કાર્યક્રમોના આયોજન વિશે ચર્ચા કરવા માટે આઈઆઈટીઈના બોર્ડ ઓફ સ્પોર્ટ્સની બેઠક માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. 22 ઓક્ટોબરના રોજ મળી.



આઈઆઈટીઈમાં કાર્યરત્ તમામ સભ્યો માટે કોવિડ-19 માટેના રેપિડ ટેસ્ટિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



માન. વડા પ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ કોવિડ-19 સામેના જન આંદોલન આહ્વાન સાથે આઈઆઈટીઈ જોડાઈ છે અને 16 ઓક્ટોબરે તમામ સ્ટાફ દ્વારા કોવિડ-19ને રોકવામાં સક્રિય ભાગીદારીની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ અભિયાન હેઠળ યુનિવર્સિટીના સેન્ટર ઓફ ટ્રેનિંગ દ્વારા કોવિડ-19 વિશે જાગૃતિ માટેની આકર્ષક રંગોળી પણ તૈયાર કરવામાં આવી હતી.



શારદીય નવરાત્રિની ઉજવણીના ભાગરૂપે આઈઆઈટીઈના પ્રાંગણમાં ઘટ સ્થાપના કરવામાં આવી હતી.



સરદાર જયંતીની ઉજવણીના ભાગરૂપે 31 ઓક્ટોબરના રોજ વરિષ્ઠ પત્રકાર મણીલાલ પટેલ દ્વારા સરદાર સ્મૃતિ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.


Library
District Institute of Education & Training, Navsari